**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૫ જૂન ૨૦૧૧**

**માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે મુંબઈ ખાતે
૨૫ જૂન ૨૦૧૧ ના રોજ પ્રસિધ્ધી અર્થે આપેલ નિવેદન**

**મુંબઈ, શનિવાર :** "પાછલા મહિને પેટ્રોલ ના ભાવ માં રૂ.૫ નો લિટર વધારો કર્યા બાદ ગઈકાલે પેટ્રોલિયમ પ્રધાન શ્રી જયપાલ રેડ્ડી એ જાહેર કરેલ ડિઝલ, રાંધણ ગેસ અને ઘાસલેટ નો ભાવવધારો એ પેટ્રોલિયમ ક્ષેત્રમાં એકઝાટકે ઝિંકાયલો સહુથી વધુ ભાવવધારો હોઈ આમ આદમી ની કમર ભાંગી નાખનારો જ છે. આ ભાવવધારાની સાથે સાથે રિઝર્વ બેંકે પણ પાછલા એક વર્ષ માં દસ વખત વ્યાજ દર વધાર્યા હોવાને કારણે મોંઘવારી વધુ ઝડપથી વધશે. કોંગ્રેસ સરકારે આમ આદમી નો વિશ્વાસઘાત કર્યો છે અને નરી સંવેદનહીનતા દાખવી છે", આ મુજબની પ્રતિક્રિયા માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે વ્યકત કરેલ છે.

શ્રી રામ નાઈકે વધુમાં કહ્યું હતું કે પેટ્રોલિયમ પ્રધાન શ્રી જયપાલ રેડ્ડી નું "આ ભાવ વધારો ઓછામાં ઓછો છે અને તે ગ્રાહકો સ્વીકારશે " આવું નિવેદન એટલે ઘા માથે મીઠું ભભરાવવાની વાત છે. મોંઘવારી ને કારણે જે ગરીબો ની અને મધ્યમવર્ગીઓની બૂરીવલે થાય છે તેની તેમને જાણ જ નથી.

" ભારતના પાડોશી એટલે કે શ્રીલંકા, બાંગ્લાદેશ અને પાકિસ્તાન આ દેશનાં રાંધણગેસ અને ઘાસલેટ ના તુલનાત્મક ભાવો જાહેર કરી શ્રી જયપાલ રેડ્ડી, પેટ્રોલિયમ પ્રધાને અર્ધસત્ય ઉચ્ચારી પ્રજા સાથે છેતરપીંડી કરી છે. શ્રી રેડ્ડી એ એ પણ જાહેર કરવું જોઈએ કે ભારત માં પેટ્રોલ નો ભાવ રૂ.૬૮.૩૩ અને શ્રીલંકામાં રૂ. ૪૬.૨૮(રૂ.૨૨.૫૦ ઓછો), બાંગ્લાદેશમાં રૂ.૪૫.૧૬ (રૂ.૨૩.૧૭ ઓછા),અને પાકિસ્તાનમાં રૂ.૪૨.૨૩ (રૂ.૨૬.૧૦ ઓછો) છે. તેમજ ડિઝલના ભાવ ભારતમાં રૂ.૪૭.૨૫ હોઈ તેની તુલનાએ શ્રીલંકામાં રૂ.૩૧.૫૫ (રૂ.૧૫.૭૦ ઓછા), બાંગ્લાદેશમાં રૂ.૨૬.૬૬ (રૂ.૨૦.૫૯ ઓછા) આ મુજબ છે. અે સિવાયની કમાલ એટલે પેટ્રોલના ભાવ રૂ. ૬૮.૩૩ છે અને વિમાન માટે વપરાતું વધુ ક્ષમતાવાળું ઈંધણ (એટીએફ) નો ભાવ ફકત રૂ. ૫૮.૬૦ લિટર દીઠ અર્થાત રૂ. ૯.૭૩ એ સસ્તું છે . આનો અર્થ એ થયો કે ચાંદી કરતા સોનું સસ્તું અને રોટલી કરતા પૂરણપોળી સસ્તી", આમ પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

"આબધી પરિસ્થિતી નો વિચાર કરીએ તો સરકારે નવા પેટ્રોલિયમ ધોરણ જાહેર કરવા જોઈએ તેમજ કરેલ ભયંકર ભાવવધારો પાછો ખેંચવો જાઈએ. ભારતીય જનતા પક્ષ આ ભાવવધારા ના વિરોધમાં આંદોલન શરૂ કરે છે", તેમ પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

**( કાર્યાલય સચિવ )**